GMERS હોસ્પિટલ બની ગરીબ દર્દીઓ માટે આશાનું નવું કિરણ, સરકારી ખર્ચે મળશે કોર્પોરેટ કક્ષાની સુવિધાઓ

જેટકોના CSR ફંડમાંથી નાકની જટિલ સર્જરી માટે અત્યાધુનિક 'નેવિગેશન સિસ્ટમ' વસાવાઈ

સુપરિન્ટેન્ડેન્ટ ડો. અનૂપ ચંદાણીના ભગીરથ પ્રયાસોથી હોસ્પિટલનો કાયાકલ્પ

(પ્રતિનિધિ) વડોદરા. તા.4

વડોદરાના ગોત્રી સ્થિત GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ હાલના સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે સેવાનો સાચો પર્યાય બનીને ઉભરી આવી છે. સામાન્ય રીતે સરકારી હોસ્પિટલો પ્રત્યે લોકોમાં જે નકારાત્મક છબી હોય છે, તેને ભૂંસીને ગોત્રી હોસ્પિટલને કોર્પોરેટ કક્ષાની સુવિધાઓથી સજ્જ કરવાનું ભગીરથ કાર્ય અહીંના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. અનૂપ ચંદાણીના નેતૃત્વમાં થઈ રહ્યું છે. તેમના અવિરત, નિષ્ઠાવાન અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પ્રયાસોને પરિણામે આજે આ સરકારી હોસ્પિટલ આધુનિક સારવારનું મોટું કેન્દ્ર બની ગઈ છે.

ડૉ. અનૂપ ચંદાણીનો એકમાત્ર સંકલ્પ એ છે કે, હોસ્પિટલમાં આવતા આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના દર્દીઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલોના મોંઘા દેવા હેઠળ ન દબાવું પડે. ગંભીર અને જટિલ રોગોની તમામ પ્રકારની અત્યાધુનિક સારવાર, જે સામાન્ય રીતે અત્યંત ખર્ચાળ હોય છે, તે દર્દીઓને ગોત્રી હોસ્પિટલમાં જ વિનામૂલ્યે કે તદ્દન નજીવા દરે ઉપલબ્ધ થાય તે માટે તેઓ સતત કાર્યશીલ છે.

ડૉ. અનૂપ ચંદાણીના કુશળ માર્ગદર્શન હેઠળ હોસ્પિટલે ટેકનોલોજીના ક્ષેત્રમાં એક નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે. તાજેતરમાં જેટકો કંપનીના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડના સહયોગથી હોસ્પિટલને અત્યાધુનિક 'નેવિગેશન સિસ્ટમ' પ્રાપ્ત થઈ છે.

આ આધુનિક સિસ્ટમ ખાસ કરીને નાકની જટિલ સર્જરી અને સાઇનસના ઓપરેશનોમાં તબીબો માટે ત્રીજી આંખ સમાન સાબિત થઈ રહી છે. આ ટેકનોલોજીની મદદથી અત્યંત સંવેદનશીલ અને જટિલ કેસો પણ ખૂબ જ આસાનીથી, સચોટ રીતે અને ઓછા જોખમે ઉકેલી શકાય છે, જે અગાઉ માત્ર ગણતરીની ખાનગી હોસ્પિટલોમાં જ ઉપલબ્ધ હતું. ડૉ. ચંદાણીની કાર્યપદ્ધતિ માત્ર વર્તમાન સુવિધાઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેઓ હોસ્પિટલના સર્વાંગી વિકાસ અને ભવિષ્યની જરૂરિયાતો માટે પણ એટલા જ ગંભીર છે.

ડૉ. અનૂપ ચંદાણીના આ અથાગ પરિશ્રમ, વહીવટી કુશળતા અને હોસ્પિટલને પ્રાઇવેટ કોર્પોરેટ હોસ્પિટલ સમકક્ષ બનાવવાની મક્કમ નેમ આજે વડોદરા અને આસપાસના જિલ્લાના લાખો ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. હોસ્પિટલની આ બદલાતી તસવીર સરકારી આરોગ્ય તંત્રની એક નવી અને સકારાત્મક ઓળખ ઊભી કરી રહી છે.

'મિશન ૧૦,૦૦૮'ની સફળતા પાછળ 'વાસુ ધર' ટીમનો અવિસ્મરણીય ફાળો

૧૦,૦૦૮ વૃક્ષોથી હરિયાળું સપનું સાકાર વાસુ ફાઉન્ડેશને રચ્યો ગ્રીન રેકોર્ડ

૨૫ હરિયાળા યોદ્ધાઓનું ચાંદીના સિક્કા આપી સન્માન, આગામી ૧૦ વર્ષમાં ૧.૦૮ લાખ વૃક્ષોનો સંકલ્પ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વિશ્વ પર્યાવરણ દિવસ-2025ના રોજ શરૂ થયેલું વાસુ ફાઉન્ડેશનનું 'મિશન 10,008' આજે સફળતાના શિખરે પહોંચ્યું છે. એક વર્ષ દરમિયાન વડોદરા અને આસપાસના વિસ્તારોમાં કુલ 10,008 વૃક્ષોનું વાવેતર કરીને ફાઉન્ડેશને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. શાળાઓ, વૃદ્ધાશ્રમો, પોલીસ સ્ટેશનો, એરફોર્સ સ્ટેશન, મકરપુરા અને સાવલી જીઆઈડીસી સહિત અનેક સ્થળોએ હાથ ધરાયેલા આ અભિયાનમાં સમાજના વિવિધ વર્ગોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ હરિયાળી અભિયાનની સફળતા પાછળ 'વાસુ ધર' પહેલ હેઠળ કાર્યરત 25 સભ્યોની સમર્પિત ટીમનો સૌથી મોટો ફાળો રહ્યો છે. માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ વાવેલા વૃક્ષોના જતન, સંરક્ષણ અને વિકાસની જવાબદારી પણ આ ટીમે નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. તેમના અમૂલ્ય યોગદાનની કદરરૂપે વાસુ ફાઉન્ડેશને દરેક સભ્યને ચાંદીનો સિક્કો અર્પણ કરીને સન્માનિત કર્યા હતા.

'ગ્રીન વડોદરા, ક્લીન વડોદરા'ના વિઝન સાથે હાથ ધરાયેલા આ અભિયાનમાં લીમડો, ગુલમહોર, ચંપા અને આસોપાલવ જેવા પર્યાવરણમૈત્રી વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો, ઔદ્યોગિક કર્મચારીઓ, પોલીસ અને રક્ષા કર્મચારીઓ તેમજ સ્થાનિક નાગરિકોની ભાગીદારીથી આ અભિયાન એક લોકચળવળમાં પરિવર્તિત થયું હતું.

વાસુ હેલ્થકેરના મેનેજિંગ ડિરેક્ટર હાર્દિક ઉકાણીએ જણાવ્યું હતું કે 'મિશન 10,008' માત્ર એક આંકડો હાંસલ કરવાનો પ્રયાસ નહોતો, પરંતુ સમાજમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની સંસ્કૃતિ વિકસાવવાનો પ્રયાસ હતો.

BPL સીઝન-૨ : અમી સુપર એવેન્જર્સ સામે ૩૬ રને શાનદાર વિજય

ધ્રુવ પટેલની તોફાની સદી, એલેમ્બિક વોરિયર્સની સતત ચોથી જીત મેળવી

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા ક્રિકેટ એસોસિએશન (BCA) સ્ટેડિયમ, કોટાંબી ખાતે 4 જૂનના રોજ રમાયેલી બરોડા પ્રીમિયર લીગ (BPL) સીઝન-2ની સાતમી મેચ અને દિવસની પહેલી મેચમાં એલેમ્બિક વોરિયર્સે અમી સુપર એવેન્જર્સ સામે 36 રને શાનદાર વિજય નોંધાવી પોતાની સતત ચોથી જીત હાંસલ કરી હતી.

ટોસ જીતીને અમી સુપર એવેન્જર્સ પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. એલેમ્બિક વોરિયર્સે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 219 રનનો વિશાળ સ્કોર ઉભો કર્યો હતો જે BPL સીઝનનો સૌથી વધુ સ્કોર છે. ટીમ તરફથી ધ્રુવ એન.પટેલ માત્ર 59 બોલમાં 100 રન જેમાં 11 ચોગ્ગા અને 3 છગ્ગા મારી તોફાની સદી ફટકારી BPL સીઝન 1 અને 2માં એલેમ્બિક વોરિયર્સ તરફથી લક્ષ્યજીત પાધિયાર (જેમને ગઈકાલે જ BPL સીઝન ની પહેલી સદી નોંધાવી) પછી બીજી સદી નોંધાવી હતી. આયુષ રાજગોરે 27 બોલમાં 42 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સફવાન પટેલે 3 અને નિનાદ રાઠવાએ અમી સુપર એવેન્જર્સની 2 વિકેટ ઝડપી હતી.

220 રનના લક્ષ્યાંકનો પીછો કરતી અમી સુપર એવેન્જર્સની ટીમ 183 રન સુધી જ પહોંચી શકી હતી. અક્ષય મોરેએ 37 બોલમાં 72 રન જેમાં 7 ચોગ્ગા અને 4 છગ્ગા મારી આક્રમક ઈનિંગ્સ રમી હતી, જ્યારે ઈરફાન શેખે 14 બોલમાં 25 રન બનાવ્યા હતા. અમી સુપર એવેન્જર્સ તરફથી બાબાસાફી પઠાણ અને જય આભલેએ 2-2 વિકેટ ઝડપી હતી. આક્રમક પ્રદર્શન બદલ ધ્રુવ એન. પટેલને 'મેન ઓફ ધ મેચ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અક્ષય મોરેને 'બેસ્ટ સ્ટ્રાઇકર' એવોર્ડ મળ્યો હતો. સફવાન પટેલે 'ગ્રીન ડોટ એવોર્ડ' તેમજ 'બેસ્ટ બોલર' એવોર્ડ પોતાના નામે કર્યો હતો.

પ્રિ-મોન્સુન કામગીરી હેઠળ વોર્ડ નંબર ૧૪ માં ડ્રેનેજ સફાઈ કરાઈ

પ્રિ-મોન્સુન કામગીરી વહેલી તકે પૂર્ણ કરવા ચક્કો ગતિમાન

(પ્રતિનિધિ) વડોદરા. તા.4

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુનની કામગીરી સઘન બનાવવામાં આવી છે. ચોમાસા દરમિયાન શહેરમાં જળબંબાકાર કે ડ્રેનેજ ચોકઅપની સમસ્યા ન સર્જાય તે માટે પાલિકા તંત્ર દ્વારા આગોતરું આયોજન હાથ ધરીને વિવિધ વિસ્તારોમાં સફાઈ અભિયાન શરૂ કરી દેવાયું છે.

આ આયોજનના ભાગરૂપે પૂર્વ ઝોનના વહીવટી વોર્ડ નંબર-14 માં ખાસ સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. વોર્ડ નં. 14 ના ધમધમતા વિસ્તારો જેવા કે નવાબજાર અને ગોમતીપુરામાં ડ્રેનેજ લાઈનોની સફાઈ પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેથી વરસાદી પાણીના નિકાલમાં કોઈ અવરોધ ન આવે. આ કામગીરીને વધુ અસરકારક અને ઝડપી બનાવવા માટે જેટીંગ મશીન તથા ડી-સિલટીંગ મશીન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડ્રેનેજ લાઈનોમાંથી કચરો અને માટી દૂર કરવામાં આવ્યા છે. નાગરિકોની સુવિધા માટે શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારે પ્રિ-મોન્સુન કામગીરી વહેલી તકે પૂર્ણ કરવા ચક્કો ગતિમાન કરાયા છે.

વડોદરામાં રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી અભિયાનોની પ્રભારી સચિવ પી. સ્વરૂપે સમીક્ષા

સ્વચ્છતા, સુશાસન અભિયાન, શાળા પ્રવેશ ઉત્સવ અને આપત્તિ વ્યવસ્થાપન અંગે સૂચન

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરાના પ્રભારી સચિવ પી. સ્વરૂપે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજી રાજ્ય સરકારના વિવિધ મહત્વાકાંક્ષી અભિયાનો અને યોજનાઓની સમીક્ષા કરી હતી. બેઠકમાં સ્વચ્છતા અભિયાન, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન પદે 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત સુશાસન અભિયાન તેમજ શાળા પ્રવેશોત્સવ અંગે માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા.

કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે સુશાસનના 12 વર્ષ નિમિત્તે જિલ્લામાં બહોળી જનભાગીદારી સાથે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેમાં વૃક્ષારોપણ અને જતન અભિયાન, સ્વચ્છતા અભિયાન, પ્રગતિપથ યાત્રા, પ્રબુદ્ધ નાગરિક સંમેલન, જનકલ્યાણ શિબિર, વિકસિત ભારત સંકલ્પ સંમેલન, પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા તથા વિશ્વ યોગ દિવસના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમો 14 જૂન સુધી ચાલુ રહેશે.

પી. સ્વરૂપે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવા ભાર મૂક્યો હતો. તેમણે માર્ગો, જાહેર સ્થળો અને ગામોમાં પડેલા કચરા તથા પ્લાસ્ટિકના નિકાલ માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ટાળવા સફાઈ કામગીરીને પ્રાથમિકતા આપવા જણાવ્યું હતું.

બેઠકમાં ચોમાસા પૂર્વે આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. એનડીઆરએફ-એસડીઆરએફ સાથેનું સંકલન, તાલુકા કક્ષાના કન્ટ્રોલ રૂમ અને નદીકાંઠાના ગામોમાં એલર્ટ સિસ્ટમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવ, આંગણવાડી પ્રવેશ અને વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી.

નર્મદા LCBએ ૩૧ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) સાગબારા, તા.4

નર્મદા LCBએ ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ પર આવેલી ઘનશેરા આંતરરાજ્ય ચેકપોસ્ટ ખાતે મોટી કાર્યવાહી કરી કન્ટેનરમાંથી રૂ.31.77 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. ખાનગી બાતમીના આધારે MH-46-AF-2194 નંબરના કન્ટેનરની તપાસ કરતાં 9,707 નાની-મોટી દારૂની બોટલો મળી આવી હતી. ટ્રક, મોબાઇલ સહિત કુલ રૂ.46.82 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસે ટ્રકના ચાલક અર્જુનરામ બિશ્નોઈ (રાજસ્થાન)ની ધરપકડ કરી છે. પૂછપરછ દરમિયાન દારૂ મહારાષ્ટ્રના મનોરના વિકાસ ઉર્ફે પિન્ટુ દ્વારા મોકલાયો હોવાનું અને તેનો માલિક અંકલેશ્વરનો બુટલેગર અશોક માલી હોવાનું બહાર આવ્યું છે. અશોક માલી અગાઉ પણ દારૂ હેરાફેરીના ગુનાઓમાં સંકળાયેલો હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ સરહદી વિસ્તારમાં દારૂની હેરાફેરી અંગે ગૃહમંત્રીને રજૂઆત કરી હતી.

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સરદારભવન ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમો

મધ્યસ્થ જેલના ૨૦૦૦ થી વધુ કેદી ભાઈઓ રેડિયોના માધ્યમથી પર્યાવરણ લક્ષી પ્રેરણા મેળવશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.4

વિશ્વ પર્યાવરણ દિનની ભવ્ય ઉજવણીના ભાગરૂપે વડોદરાના જાણીતા સરદારભવન ટ્રસ્ટ દ્વારા શુક્રવારના રોજ બે વિશેષ અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં પ્રથમ કાર્યક્રમ વડોદરા મધ્યસ્થ જેલમાં પ્રેરણાત્મક વાર્તાલાપ શુક્રવારે સવારે 10:30 કલાકે વડોદરા મધ્યસ્થ જેલ ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાશે. જેમાં લધારામ હાઈસ્કૂલના આચાર્ય શીલાબેન પાન્ડે જેલના એફ.એમ. રેડિયોના માધ્યમથી અંદાજે બે હજાર જેટલા કેદી બંદી ભાઈઓને વિશ્વ પર્યાવરણ વિશે વિસ્તૃત અને પ્રેરણાત્મક વાર્તાલાપ આપશે. આ પ્રસંગે કેદીઓને પ્રકૃતિ અને પર્યાવરણના જતન માટે સંકલ્પબદ્ધ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સરદારભવન ટ્રસ્ટના મુખ્ય સંગઠક ભુપેન્દ્રભાઈ મિસ્ત્રી ખાસ ઉપસ્થિત રહેશે.

સદાબહાર ગીતોનો બીજો સાંસ્કૃતિક કાર્યક્રમ પર્યાવરણ દિવસની ઉજવણીના બીજા ચરણમાં, સરદારભવન ટ્રસ્ટ અને 'સંગીતપ્રેમી ગ્રુપ'ના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. શુક્રવારે બપોરે 3:00 થી સાંજના 6:00 વાગ્યા દરમિયાન સરદારભવન ટ્રસ્ટ, જુબેલીબાગ, વડોદરા ખાતે 'સદાબહાર ગીતો' નો સુમધુર કાર્યક્રમ યોજાશે.

સરદારભવન ટ્રસ્ટ દ્વારા વડોદરાના કલા અને સંગીતપ્રેમી નાગરિકોને આ સંગીતના કાર્યક્રમમાં સમયસર હાજર રહીને સંગીતનો આનંદ માણવા અને કાર્યક્રમનો લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અદ્યતન ટેક્નોલોજી, આધુનિક ડિઝાઇન અને સુધારેલી દૃશ્ય-શ્રાવ્ય ક્ષમતાઓની રજૂઆત

વડોદરા: વડોદરાના અગ્રણી રિટેલ આઉટલેટ સેલ્સકોર્નર ખાતે એલજીએ તેની નવી ટેલિવિઝન શ્રેણી "TV NPI 2026" લોન્ચ કરી હતી. કાર્યક્રમમાં ગ્રાહકો, બિઝનેસ પાર્ટનર્સ અને મીડિયા પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નવી શ્રેણીમાં અદ્યતન ટેક્નોલોજી, આધુનિક ડિઝાઈન તેમજ સુધારેલી દૃશ્ય અને શ્રાવ્ય ક્ષમતાઓ રજૂ કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોએ વિવિધ ફીચર્સનો અનુભવ કરી તેની પ્રશંસા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં બ્રાન્ચ મેનેજર જીગર દેસાઈ, રિજનલ મેનેજર નિખિલ સુતરીયા અને રિજનલ માર્કેટિંગ મેનેજર જીમી સિનોજીયાએ નવી શ્રેણીની વિશેષતાઓ અંગે માહિતી આપી હતી. તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સુવિધાઓ, ઉચ્ચ ગુણવત્તાની પિક્ચર પ્રોસેસિંગ ટેક્નોલોજી અને મનોરંજનને વધુ સમૃદ્ધ બનાવતા ફીચર્સ વિશે જણાવ્યું હતું.

ફોટોગ્રાફર રાજુ ભરવાડનું 'કલર્સ ઓફ કાઉ લાઇફ' ફોટો પ્રદર્શન

■ જેતલપુર રોડ પર આવેલ પી એન ગાડગીલ એક્ઝિબિશન હોલ ખાતે 'કલર્સ ઓફ કાઉ લાઇફ' વિષય પર ફોટોગ્રાફર કાલુ ભરવાડે ક્લિક કરેલા ફોટોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતુ. જેનું વડોદરા ફોટોગ્રાફર એસોસિએશનના પ્રમુખ રાજેશ ભાવસાર, ટ્રેઝરર ભરત પટેલ તેમજ અગ્રણી ફોટોગ્રાફર્સ નફીસ ખાન, મનીષ ચૌહાણ, દીપક તિલોકાણી અને મહેશ વર્માની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગાય સાથેના પવિત્ર નાતો તે વિષય પર ફોટોગ્રાફર દ્વારા ફોટા ક્લિક કરેલ છે, ગાય અને માનવ માતૃપ્રેમ, અને વાછરડાની આનંદિત છલાંગો સહિતના અનેક હૃદયસ્પર્શી દ્રશ્યોને પોતાના કેમેરામાં કંડાર્યા છે. પ્રત્યેક તસ્વીર મૂંગા જીવો પ્રત્યેની ઊંડી સંવેદના, સ્નેહ અને તેમની આંતરિક ભક્તિમય ભાવનાઓને આબેહૂબ રીતે વાચા આપે છે. ગાય સાથે ની લાગણી, સ્વભાવ, હાલચાલ, વાછરડાનો પ્રેમ સમજી શક્યો અને કેમેરામાં કેદ કરી તેને ફોટોના સ્વરૂપમાં ફોટા પ્રદર્શનમાં મૂક્યા હતા.

રનિંગ રેલ લાઇન પર રોડ ક્રોલર ક્રેનનો ઉપયોગ કરીને ભારે અને લાંબા સ્ટીલના ખુલ્લા વેબ ગર્ડર્સનું સફળતાપૂર્વક બદલીકરણ

મહિસાગર નદી પર ૧૧૩ વર્ષ જૂના રેલવે પુલનું રિ-ગર્ડરિંગ પૂર્ણ

અમદાવાદ-વડોદરા સેક્શન પર 320 ટન વજનના 67.5 મીટર લાંબા ગર્ડરો બદલાયા; ભારતીય રેલ્વેમાં પ્રથમ વખત રોડ ક્રાઉલર ક્રેનથી થયું કામ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝને અમદાવાદ-વડોદરા રેલવે સેક્શન પર મહિસાગર નદી ઉપર આવેલા બ્રિજ નંબર-624ના તમામ આઠ સ્પાનનું રિ-ગર્ડરિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરીને ભારતીય રેલ્વેના ઈતિહાસમાં એક નવી સિદ્ધિ નોંધાવી છે. રનિંગ રેલવે લાઈન પર 67.5 મીટર લાંબા અને આશરે 320 ટન વજન ધરાવતા સ્ટીલ ઓપન-વેબ ગર્ડરોને 600 અને 800 ટન ક્ષમતાવાળી રોડ ક્રાઉલર ક્રેનની મદદથી બદલવાનું કાર્ય ભારતીય રેલ્વેમાં પ્રથમ વખત હાથ ધરાયું હોવાનું જણાવાયું છે.

આ સિદ્ધિ અંગે વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર રાજુ ભડકેએ જણાવ્યું હતું કે મહિસાગર નદી પર આવેલા 113 વર્ષ જૂના આ મહત્વપૂર્ણ રેલવે બ્રિજના તમામ આઠ સ્પાનનું સફળ રિ-ગર્ડરિંગ વડોદરા ડિવિઝનની એન્જિનિયરિંગ કુશળતા, નવીનતા અને ટીમ વર્કનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે જણાવ્યું હતું કે અત્યંત પડકારજનક પરિસ્થિતિઓ વચ્ચે નિર્ધારિત સમયમર્યાદામાં અને ઓછામાં ઓછા ટ્રાફિક અવરોધ સાથે આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

વર્ષ 1913માં બ્રિટિશ શાસન દરમિયાન નિર્માણ પામેલો આ બ્રિજ મહિસાગર નદી પરનું મહત્વપૂર્ણ રેલવે માળખું છે. નદીમાં આખું વર્ષ પાણીનો પ્રવાહ રહેતો હોવાથી રિ-ગર્ડરિંગ કામગીરી તકનીકી રીતે અત્યંત પડકારજનક હતી. પ્રોજેક્ટ અંતર્ગત 67.5 મીટર લાંબા અને આશરે 320 ટન વજન ધરાવતા સ્ટીલ ગર્ડરો બદલવામાં આવ્યા હતા.

આ સમગ્ર કામગીરી બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં બ્રિજના મધ્ય ભાગના છ સ્પાનમાં ગર્ડરો બદલવામાં આવ્યા હતા, જ્યારે બીજા તબક્કામાં બંને છેડાના બે સ્પાનનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. માત્ર એક વર્ષના સમયગાળામાં સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ માટે કુલ આઠ મેગા બ્લોક લેવામાં આવ્યા હતા, જેમાં દરેક બ્લોકનો સમયગાળો આશરે સાડા પાંચ કલાકનો રહ્યો હતો.

મધ્યના છ સ્પાન માટે 600 ટન ક્ષમતાવાળી બે ક્રોલર ટાઇપ રોડ ક્રેનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નદીની અંદર ક્રેનો સ્થાપિત કરવા માટે વિશેષ ટેકનોલોજી દ્વારા લગભગ 30 મીટર પહોળું કૃત્રિમ સૈન્ડ બેડ તૈયાર કરવામાં આવ્યું હતું. જ્યારે બ્રિજના બંને છેડાના સ્પાન પર જગ્યા ઓછી હોવાથી 800 ટન ક્ષમતાવાળી સુપર-લિફ્ટ ક્રેનનો ઉપયોગ કરીને ગર્ડરો બદલવામાં આવ્યા હતા.

આ નવીન તકનીકના ઉપયોગથી ખર્ચ, ટ્રાફિક બ્લોક અને પાવર બ્લોકમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. પશ્ચિમ રેલ્વેના જણાવ્યા અનુસાર, ઉપલબ્ધ રેકોર્ડ મુજબ રોડ ક્રેનની મદદથી આટલા મોટા સ્ટીલ ઓપન-વેબ ગર્ડરોનું રિ-ગર્ડરિંગ કાર્ય અગાઉ કોઈ પણ રેલવેમાં કરવામાં આવ્યું નથી.

રિ-ગર્ડરિંગ પ્રોજેક્ટ પર એક નજર

- બ્રિજનું નિર્માણ વર્ષ 1913માં થયું હતું
- કુલ 8 સ્પાનનું રિ-ગર્ડરિંગ પૂર્ણ
- દરેક સ્પાનની લંબાઈ 67.5 મીટર
- એક ગર્ડરનું વજન આશરે 320 ટન
- કુલ 8 મેગા બ્લોકમાં કામગીરી પૂર્ણ
- દરેક બ્લોકનો સમયગાળો આશરે 5.30 કલાક
- 600 ટન અને 800 ટન ક્ષમતાવાળી ક્રાઉલર ક્રેનોનો ઉપયોગ
- નદીમાં 30 મીટર પહોળું કૃત્રિમ સૈન્ડ બેડ તૈયાર કરાયું
- ભારતીય રેલ્વેમાં પ્રથમ વખત રોડ ક્રેનથી આટલા મોટા ગર્ડર બદલાયા
- અમદાવાદ-વડોદરા સેક્શનની સલામતી અને વિશ્વસનીયતામાં વધારો

અમેરિકા-ઈરાન તણાવની અસર ભરૂચના ઉદ્યોગો પર

સલ્ફર રૂ. ૨થી વધીને રૂ. ૩૬ પ્રતિ કિલો પહોંચ્યું ઉત્પાદન ખર્ચ વધતા ઉદ્યોગકારોમાં ચિંતા

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.4

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા યુદ્ધના ઘમાસાણની અસર હવે વૈશ્વિક અર્થતંત્ર સાથે ભારતના ઉદ્યોગ જગત પર પણ જોવા મળી રહી છે. ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડિયા અને દહેજ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં ખાસ કરીને પેટ્રોલિયમ, ડાઈઝ ઈન્ટરમિડિયેટ, ફૂડ પ્રોડક્ટ, ફાર્માસ્યુટિકલ, બલ્ક ડ્રગ અને કેમિકલ ઉદ્યોગો માટે ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે.

ભરૂચ જિલ્લાના અનેક ઉદ્યોગો અમેરિકા, યુરોપ, રશિયા, ઈરાન તેમજ અન્ય ખાડી દેશો સાથે આયાત-નિકાસના વ્યવહારો કરે છે. કોસ્મેટિક્સ, ડાઈઝ ઈન્ટરમિડિયેટ, ફાર્મા, બલ્ક ડ્રગ્સ અને કોટન સહિતના ઉત્પાદનોની નિકાસ તથા વિવિધ કાચા માલની આયાત પર આ યુદ્ધની સીધી અસર પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો નોંધાયો છે. તેની સાથે કેમિકલ ઉદ્યોગ માટે અત્યંત મહત્વના કાચા માલ ગણાતા સલ્ફરના ભાવમાં પણ ભારે ઉછાળો આવ્યો છે.

ઉદ્યોગ સૂત્રોના જણાવ્યા અનુસાર અગાઉ રૂ. 2 પ્રતિ કિલોના ભાવે મળતું સલ્ફર હાલ રૂ. 36 પ્રતિ કિલો સુધી પહોંચી ગયુ છે, જેના કારણે ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે.

ઈરાન મારફતે ભારત સહિત ગુજરાતના કેમિકલ ઉદ્યોગોમાં મોટા પ્રમાણમાં સલ્ફરની આયાત થતી આવી છે. હાલની ભૂરાજકીય પરિસ્થિતિને પગલે પુરવઠા શૃંખલામાં અવરોધ ઉભા થતા સલ્ફરની ઉપલબ્ધતા અને ભાવ બંને પર અસર પડી રહી છે. પરિણામે સ્થાનિક ઉદ્યોગ એકમો માટે ઉત્પાદન જાળવી રાખવું અને સ્પર્ધાત્મક ભાવમાં માલ વેચવો પડકારરૂપ બનશે. ખાડી દેશો સાથે ભારતના વર્ષોથી મજબૂત વેપારિક સંબંધો રહ્યા છે. અહીંના ઉદ્યોગો દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓ, દવાઓ તેમજ ડાઈઝ ઈન્ટરમિડિયેટ સહિતના ઉત્પાદનોની મોટી માત્રામાં નિકાસ કરવામાં આવે છે. યુદ્ધ લાંબું ચાલે તો નિકાસ-આયાત વ્યવહારો, શિપિંગ ખર્ચ અને કાચા માલની ઉપલબ્ધતા પર વધુ અસર થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક ઉદ્યોગ મંડળોએ કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ ઉદ્યોગોને રાહત મળે તે માટે વિશેષ પેકેજ, કાચા માલ પર સહાય અને નિકાસકારોને પ્રોત્સાહન આપતી નીતિઓ અમલમાં મૂકવાની માંગ ઉઠાવી છે. ઉદ્યોગકારોના મતે સમયસર સહાય ન મળે તો ઉત્પાદન ખર્ચમાં વધારો થતાં સ્થાનિક તેમજ વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મકતા જાળવવી મુશ્કેલ બની શકે.